# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) સંસદમાં ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ્સ ઑફ મેનેજમેન્ટ સુધારા ખરડો , 2025 અને લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 પસાર.
2) UNSCમાં ભારતે 1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન શરૂ થયેલી જાતીય હિંસા મુદ્દે પાકિસ્તાનની ટીકા કરી
3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રશિયાના અગ્રણી વિદ્વાનો અને પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી
4) અફઘાનિસ્તાનનાં, હેરાત પ્રાંતમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક 79 પર પહોંચ્યો
5) એશિયન શૂટિંગ સ્પર્ધામાં સૌરભ ચૌધરી અને સુરુચી ઈન્દર સિંહની ભારતીય જોડીએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW- PAR- ADJOURN

આજે મતદાર યાદીના મુદ્દા પર ખાસ સઘન સુધારાને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહીમાં વિક્ષેપ પડ્યો, જેના કારણે ગૃહોની કાર્યવાહી અનેકવાર સ્થગિત કરવી પડી. લોકસભા ચાર વખત સ્થગિત કરવામાં આવી હતી જ્યારે રાજ્યસભા બે વખત સ્થગિત રહી હતી અને અંતે દિવસભર માટે સ્થગિત કરાઇ.

અગાઉ, લોકસભામાં શોરબકોર વચ્ચે , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 130મો બંધારણીય સુધારા ખરડો , 2025, કેન્દ્રશાસિત પ્રદેશો શાસન સુધારા ખરડો , 2025 અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન સુધારા ખરડો, 2025 રજૂ કર્યા.

**(બાઇટ: અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

બાદમાં, ગૃહે આ ખરડાઓને વધુ ચકાસણી માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલ્યા.

રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. અગાઉ બપોરે બીજી વાર મુલતવી રાખ્યા પછી જ્યારે રાજ્યસભા ફરી શરૂ થઈ , ત્યારે વિરોધ પક્ષના સાંસદોએ SIRના મુદ્દા પર વિરોધ શરૂ કર્યો. બાદમાં તેઓએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું. ગૃહમાં ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સુધારા ખરડો , 2025 પસાર થયો. ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું , સરકારે ભારતીય મેનેજમેન્ટ સંસ્થાઓને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો આપ્યો છે.

**(બાઇટ: ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય શિક્ષણ મંત્રી)**

આ કામકાજ પૂર્ણ કર્યા પછી, ગૃહે ખાસ ઉલ્લેખ કર્યો જેમાં સાંસદોએ જાહેર મહત્વનો મુદ્દો ઉઠાવ્યો. ત્યારબાદ, ગૃહને દિવસભર માટે સ્થગિત કરાયું.

# NEW-LS-ONLINE GAMING BILL

લોકસભામાં આજે ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 પસાર થયો. આ ખરડો ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ રમતોને પ્રોત્સાહન આપે છે જ્યારે હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકે છે. તેમાં આ ક્ષેત્રના સંકલિત નીતિ સમર્થન, વ્યૂહાત્મક વિકાસ અને નિયમનકારી દેખરેખ માટે ઓનલાઈન ગેમિંગ સત્તામંડળની નિમણૂક કરવાની જોગવાઈ છે. આ ખરડાનો હેતુ યુવાનો અને સંવેદનશીલ લોકોને આવી રમતોના પ્રતિકૂળ પ્રભાવથી બચાવવાનો છે.

ખરડો રજૂ કરતી વખતે , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું ઓનલાઈન મની ગેમિંગને કારણે છેલ્લા 31 મહિનામાં 32 આત્મહત્યાના કિસ્સા નોંધાયા છે. તેમણે કહ્યું કે સરકાર ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સ ક્ષેત્રને પ્રોત્સાહન આપે છે.

. .

# PM-CP RADHAKRISHNAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વાસ વ્યક્ત કર્યો કે NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર, સી. પી. રાધાકૃષ્ણન એક ઉત્કૃષ્ટ ઉપરાષ્ટ્રપતિ બનશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યુ કે તેઓ મંત્રીઓ, પક્ષના સાથીદારો અને NDA નેતાઓ સાથે શ્રી રાધાકૃષ્ણન જ્યારે આ પદ માટે ઉમેદવારી નોંધાવી રહ્યા હતા ત્યારે તેમની સાથે હતા. તેમણે ઉમેર્યું કે ,શ્રી રાધાકૃષ્ણન રાષ્ટ્રીય પ્રગતિ તરફની તેમની યાત્રાને સમૃદ્ધ બનાવશે.

. .

# INDIA-PAKISTAN HUMAN RIGHTS

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનની ટીકા કરી આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાનમાં 1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન શરૂ થયેલી જાતીય હિંસા હજુ પણ યથાવત છે. ભારતના કાયમી મિશનના ચાર્જ ડી 'અફેર્સ એલ્ડોસ મેથ્યુ પુનૂસે જણાવ્યું હતું કે , 1971માં પાકિસ્તાની સૈન્ય દ્વારા અંદાજે 4 લાખ મહિલાઓ પર સામૂહિક દુષ્કર્મ કરાયું હતું. તે હજુ પણ શરમજનક રેકોર્ડ છે અને આવા અત્યાચારો આજે પણ સજા-મુક્તિ સાથે ચાલુ છે.

પાકિસ્તાનના વારંવારના કાશ્મીર સંદર્ભોનો જવાબ આપતા , પુનૂસે તેને ઢોંગ ગણાવ્યો કે ઇસ્લામાબાદ પોતાને માનવ અધિકાર રક્ષક તરીકે રજૂ કરે છે જ્યારે લઘુમતીઓ પર અત્યાચાર કરે છે અને લિંગ-આધારિત હિંસાને હથિયાર બનાવે છે.

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------

# EVE. JAISHANKAR - RUSSIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રશિયાના અગ્રણી વિદ્વાનો અને થિંક ટેન્કના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી છે. એક સોશિયલ સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેમણે ભારત-રશિયા સંબંધો , સમકાલીન વિશ્વની ભૌગોલિક રાજનીતિ અને ભારતના દ્રષ્ટિકોણ પર ચર્ચા કરી હતી.

ડૉ. જયશંકર આજે ભારત-રશિયા આંતર-સરકારી આયોગના વેપાર , આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહયોગના 26મા સત્રનું સહ-અધ્યક્ષતાપદ પણ સંભાળશે. તેઓ મોસ્કોમાં ભારત-રશિયા વ્યાપાર મંચની બેઠકને સંબોધિત કરશે. વિદેશ મંત્રી ગઈકાલે સાંજે રશિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે મોસ્કો પહોંચ્યા હતા.

. . .

# FM-GST REFORMS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું , નેક્સ્ટ જનરેશન GST સુધારાઓ ભારતને આત્મનિર્ભર ભારત બનવાની દિશામાં આગળ ધપાવશે. સુશ્રી સીતારમણે નવી દિલ્હીમાં GST પરિષદ દ્વારા વળતર ઉપકર , આરોગ્ય અને જીવન વીમા અને દર તર્કસંગતીકરણ પર રચાયેલા મંત્રીઓના જૂથને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

એક સોશિયલ મીડિયા સંદેશમાં , નાણા મંત્રાલયે જણાવ્યું કે આ સુધારા ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે , જેમાં માળખાકીય સુધારા , દર તર્કસંગતીકરણ અને જીવનની સરળતાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે આગામી GST સુધારાઓનો હેતુ સામાન્ય માણસ , ખેડૂતો, મધ્યમ વર્ગ અને MSME ને વધુ રાહત આપી સરળ, પારદર્શક અને વિકાસલક્ષી કર વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો છે.

. . . .

# MEA-PERU AID

ભારતે પેરુને 32 ટન માનવતાવાદી સહાયનો જથ્થો મોકલ્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં , વિદેશ મંત્રાલયના પ્રવક્તા , રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે 2 લાખ 50 હજાર યુનિટ ફિઝિયોલોજિકલ સલાઈન સોલ્યુશનનો જથ્થો પેરુમાં ડિહાઇડ્રેશનથી પીડાતા દર્દીઓને મદદ કરશે.

. . . . . . .

# REV. AFGHANISTAN-ACCIDENT

અફઘાનિસ્તાનમાં, હેરાત પ્રાંતમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક 79 પર પહોંચ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે ઈરાનને હેરાત શહેરને જોડતા હાઇવે પર એક મુસાફર બસ બાઈક અને મીની-ટ્રક સાથે અથડાતા આ અકસ્માત થયો હતો. મહિલાઓ અને બાળકો સહિત ઘણા પીડિતો ઈરાનથી પરત ફરી રહેલા અફઘાન શરણાર્થીઓ હતા. આ અકસ્માતને કારણે બસમાં આગ લાગી ગઈ હતી , જેના કારણે ઘણા મૃતદેહોની ઓળખ મુશ્કેલ બની હતી.

. .

# ASIAN SHOOTING

આજે કઝાકિસ્તાનના શ્યામકેન્ટ ખાતે એશિયન શૂટિંગ સ્પર્ધામાં ચાઇનીઝ તાઈપેઈને હરાવીને સૌરભ ચૌધરી અને સુરુચી ઈન્દર સિંહની ભારતીય જોડીએ 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો. સૌરભ અને સુરુચીએ લિયુ હેંગ-યુ અને સિહ હ્સિયાંગ-ચેનની તાઈપેઈ જોડીને 17-9થી હરાવી. સોમવારે, અનમોલ જૈન, સૌરભ ચૌધરી અને આદિત્ય માલરાએ પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ટીમ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો.

બે ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકરે ગઈકાલે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં જીત મેળવી હતી. મનુએ એશિયન ગેમ્સ ચેમ્પિયન પલક અને સુરુચી ફોગાટ સાથે મહિલા એર પિસ્તોલમાં ટીમ કાંસ્ય ચંદ્રક પણ જીત્યો હતો.

ભારતે અત્યાર સુધી યોજાયેલી સ્પર્ધાઓમાં છ સુવર્ણ , પાંચ રજત અને ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

. . . . . .

# SPORTS-HOCKEY

હોકી ઇન્ડિયાએ આજે બિહારમાં 29 ઓગસ્ટથી 7 સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર આગામી મેન્સ એશિયા કપ માટે 18 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. અનુભવી ડ્રેગ-ફ્લિકર હરમનપ્રીત સિંહ આ ટુર્નામેન્ટમાં ટીમનું સુકાનીપદ સંભાળશે. FIH હોકી વર્લ્ડ કપ બેલ્જિયમ-નેધરલેન્ડ્સ 2026 માટે ક્વોલિફાયર તરીકેની આ સ્પર્ધામાં ભારત જાપાન, ચીન અને કઝાકિસ્તાન સાથે પૂલ A માં છે. ભારત 29 ઓગસ્ટે ચીન સામે પોતાનું અભિયાન શરૂ કરશે , ત્યારબાદ 31 ઓગસ્ટે જાપાન અને પહેલી સપ્ટેમ્બરે કઝાકિસ્તાનનો સામનો કરશે.

. .

# CHHATTISGARH - SURRENDER

છત્તીસગઢમાં, આજે દસ મહિલાઓ સહિત 29 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.તેમના પર લગભગ 55 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરાયું હતું. આત્મસમર્પણ કરનારાઓમાંથી, તેવાડા જિલ્લામાં એકવીસ માઓવાદીઓએ શસ્ત્રો હેઠા મૂક્યા ,જ્યારે નારાયણપુર જિલ્લામાં આઠ માઓવાદીઓએ પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ , દરેક આત્મસમર્પણ કરનાર માઓવાદીને 50 હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ આપવામાં આવી છે. તેમને સરકાર દ્વારા કૌશલ્ય વિકાસ અને ખેતીની જમીન માટે તાલીમ પણ અપાશે.

.....

# RUSSIA- INDIA

રશિયાએ વૈશ્વિક શક્તિ તરીકે ભારતના કદની પ્રશંસા કરી તેને વૈવિધ્યસભર વિદેશ નીતિ સાથે અગ્રણી આર્થિક શક્તિ ગણાવી છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા , ભારતમાં રશિયાના ચાર્જ ડી 'અફેર્સ, રોમન બાબુશ્કિને જણાવ્યું કે રશિયા અને ભારત પરસ્પર હિતો ધરાવે છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો વિસ્તરી રહ્યા છે.

રશિયાના દૂતાવાસના અધિકારીએ યુક્રેનની પરિસ્થિતિ પર બંને દેશના વડાઓ વચ્ચેના બે ટેલિફોનિક વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની મોસ્કોની વર્તમાન મુલાકાત સહિતની પ્રવૃત્તિઓ આ વર્ષના અંત સુધીમાં રાષ્ટ્રપતિ પુતિનની ભારતની ભાવિ મુલાકાત માટેનો માર્ગ તૈયાર કરી રહી છે.

. .